ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આનંદો : કર્મચારીઓને દિવાળી પહેલા દિવાળી

## રાજ્ય સરકારે પગાર પંચ-ભથ્થા સહિતની ૧૫ માંગણી સ્વીકારી : સરકારી કર્મચારીઓ માટે સૌથી મોટા સમાચાર : સરકાર જૂની પેન્શન યોજના અંગે કેન્દ્રના ધોરણે ઠરાવને સ્વીકારશે : CPFમાં ૧૦ના બદલે ૧૪% કરવા સરકાર માની

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત સરકારના પ્રવક્તા જીતુ વાઘાણી દ્વારા આજે પ્રેસ કોન્ફરન્સ કરીને સરકારી કર્મચારીની ૧૫ માંગો પર નિર્ણયની વિગતવાર માહિતી આપી છે. જેમાં જૂની પેન્શન યોજનાને લગતી અમુક માંગણીઓ પણ સ્વીકારી લેવામાં આવી છે.




અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ચૂંટણી ટાણે એક પછી એક આંદોલનો ગાંધીનગરમાં થઈ રહ્યા છે, ત્યારે સરકારી કર્મચારીઓ જૂની પેન્શન યોજના તેમજ સાતમાં પગાર પંચ અને અન્ય ઘણી પડતર માગણીઓ સાથે આંદોલનના રસ્તે હતા. આવતીકાલે (શનિવાર) ૬ લાખ જેટલા કર્મચારી માસ સીએલ પર ઉતરી જવાના હતા, તે પહેલા સરકારે કર્મચારી મંડળો સાથે બેઠક કરી આંદોલનની આગ ઠારી દીધી છે.

જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, શૈક્ષિક મહાસંઘના મોટા ભાગના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું છે. આવતીકાલથી થનારા આંદોલનનો અંત આવી ગયો છે. તેમણે જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દરેકના પ્રશ્નો સાંભળવા માટે કમિટી બનાવી હતી. ત્યારબાદ તબક્કાવાર બેઠકો થઈ હતી. તમામ કર્મચારીઓ સરકારના પરિવારનો એક ભાગ હોવાનું જણાવ્યું હતું. જીતુ વાઘાણીએ જણાવ્યું કે, સંવાદથી બધા પ્રશ્નો ઉકેલવા પ્રયાસ કર્યો છે. તમામ કર્મચારી મંડળે અમારી અપીલ સ્વીકારી છે. જનતા હેરાન ના થાય તે માટે આંદોલનનો અંત લાવવા અમે જણાવ્યું હતું.

જીતુ વાઘાણીએ જણાવ્યું કે, સરકાર જૂની પેન્શન યોજના અંગે કેન્દ્રના ધોરણે ઠરાવને સ્વીકારશે. ૐહ્મમાં ૧૦ના બદલે ૧૪ ટકા કરવા સરકાર માની ગઈ છે. ૨૫-૩૦ વર્ષથી વણઉકેલાયા પ્રશ્નો ઉકેલવાની બાંહેધરી આપી છે. સાતમા પગાર પંચના બાકી ભથ્થા પણ અપાશે. તેમણે તમામ કર્મચારીઓને સોમવારથી કામે લાગી જવા જણાવ્યું હતું. ૨૦૦૮નો કેન્દ્રનો કુટુંબ પેન્શનનો નિર્ણય પણ રાજ્ય સરકારે સ્વીકાર્યો છે.

દિગ્વિજયસિંહ જાડેજાએ આ અંગે નિવેદનમાં જણાવ્યું છે કે, અમારી મુખ્ય ૧૫ માગણીઓ હતી. સરકારે તમામ પગારપંચ, ભથ્થાની બાબતો સ્વીકારી છે.

૨૦૦૫ પહેલા નોકરીમાં લાગેલા કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મળશે. જૂથ વિમા અંગે નિર્ણય કરાયો છે. જૂની પેન્શન યોજના અમારી મુખ્ય માગણી હતી. મેડિકલ ભથ્થુ ૩૦૦ના બદલે ૧૦૦૦ આપવામાં આવશે. ઝઝઝની મુદત વધારો કરાયો છે. હવે ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં CCC પરીક્ષા પાસ કરવાની રહેશે. ૭માં પગાર પંચના તમામ લાભ આપવામાં આવશે. ઉચ્ચતર પગાર ધોરણ અંગે નિર્ણય કરાયો છે. જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, સોમવારથી તમામ કર્મચારીઓ કામે લાગી જાય. કામ પર પરત ફરશે તો જ આ નિર્ણયો નો લાભ મળશે. જે કામ પર પરત નહીં ફરે તેને લાભ નહીં મળે.


પધારો...પધારો...પધારો...પધારો...પધારો...


સેવા, સંપ અને સમર્પણ ભાવથી ભારતને વૈશ્વિક ગૌરવ અપાવનાર ગુજરાતના પનોતાપુત્ર અને ભારતવર્ષ ના યુગપુરૂષ એવા આપણા વડાપ્રધાન

શ્રી નરેન્દ્રભાઈ મોદી ના ૭૨માં જન્મ દિવસ નિમિત્તે

સમસ્ત ગુજરાત વણઝારા સમાજ દ્વારા આયોજીત, સમાજના લોકલાડીલા ગોવિંદજી કનુજી વણઝારા પ્રમુખશ્રીની આગેવાની હેઠળ ભવ્ય થી અતિ ભવ્ય કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ છે તો સર્વે નગરજનોને આપણા સૌના પ્રિય શ્રી નરેન્દ્રભાઈ મોદી ને ૭૨માં જન્મદિવસની શુભકામનાઓ પાઠવવા સદર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ છે.

॥ જીવેમ શરદઃ શતમ્ ॥

મોદી ગુરૂ તો, દેશ વિશ્વ ગુરૂ



કાર્યક્રમની વિગત

સાંજે ૬.૦૦ થી ૯.૦૦

વિશ્વમાં પ્રથમ વખત બનવા જઈ રહેલો વર્લ્ડ રેકોર્ડ

૭૨૦૦૦ દીવડા થી

માન. વડાપ્રધાન, શ્રી નરેન્દ્રભાઈ મોદીની મુખાકૃતિ

૭૨ કિ.ગ્રા.ની બર્થ ડે કેક

સવારે ૮:૦૦ થી ૧૦:૦૦ — ૭૨ વૃક્ષારોપણ

સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ — બ્લડ ડોનેશન કેમ્પ, ૭૨ બ્લડ બોટલ

બપોરે ૧૨:૦૦ થી ૯:૦૦ — ૭૨ ભૂદેવ દ્વારા ૭૨ કુંડી રૂદ્રિ યજ્ઞ

બપોરે ૪:૦૦ થી ૮:૦૦ — સંગીતની સુરાવલી



તારીખ : ૧૭-૦૯-૨૦૨૨, શનિવાર

:: નિમંત્રક ::

સમસ્ત વણઝારા સમાજ, ગુજરાત



:: મુખ્ય મહેમાન :: શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

શ્રી ગોવિંદજી કનુજી વણઝારા
(પ્રમુખશ્રી, વણઝારા સમાજ, ગુજરાત)

સ્થળ : બ્રહ્મસમાજ ભવનની પાછળનું મેદાન, સેક્ટર ૧૬, ગાંધીનગર.

Supported By
XCMG HYUNDAI SCHWING Stetter CASE CONSTRUCTION


## આજે શહેરમાં નરેન્દ્ર મોદીના જન્મદિવસે વિવિધ કાર્યક્રમો

### ધર્મ સંસ્કૃતિ અને સેવાના સમન્વય વચ્ચે અનોખી સુવાસ ફેલાશે : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૨ માં જન્મદિવસની ઉજવણી નિમિત્તે રૂપાલ વરદાયિની મંદિરમાં આયુષ્કામ યજ્ઞ

ગાંધીનગર તા ૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૨ માં જન્મદિવસની ઉજવણીને અનુલક્ષી આમ નાગરિકથી માંડી ભાજપ ના આગેવાનો સહીત વિવિધ સંસ્થાઓ અને આગેવાનો દ્વારા નવતર કાર્યક્રમોનુ આયોજન કર્યુ છે. લોકલાડીલા વડાપ્રધાનના જન્મદિવસે તા ૧૭ સપ્ટેમ્બરના રોજ અનેકવિધ ધાર્મિક તેમજ સેવાકીય કાર્યક્રમો યોજવામાં આવનાર છે. જન્મદિવસની ઉજવણીને વિશિષ્ટ અને યાદગાર બનાવવા તેમજ પ્રધાનમંત્રીના દીર્ધાયુ તેમજ આરોગ્ય સુખાકારી માટે પણ મહારુદ્ર તેમજ આયુષ્કામ યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ છે. પ્રધાનમંત્રીના જન્મદિવસની ઉજવણી નિમિત્તે ધર્મ સેવા અને સંસ્કૃતિના સમન્વય સાથે અનેકવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવશે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો તા ૧૭ સપ્ટેમ્બરના રોજ ૭૨મો જન્મદિવસ છે. જયારે પ્રધાનમંત્રીના જન્મદિવસની ઉજવણી કરવા માત્ર ભાજપના આગેવાનો જ નહીં પરંતુ સામાજિક અગ્રણીઓ પણ ઉત્સુક છે. વિવિધ વિભાગ કક્ષાએથી પણ જન્મદિવસની ઉજવણીને વિશિષ્ટ બનાવવા માટે નવતર કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે. વડાપ્રધાનનુ આરોગ્ય સ્વસ્થ રહે તેમજ તેમના દીર્ધાયુની ભાવના સાથે છેવાડાના માનવી સુધી લોક કલ્યાણની યોજનાઓ પહોંચે તેવા આશયથી વરદાયિની માતાજી દેવ સંસ્થાન દ્વારા રૂપાલ વરદાયિની માતાના મંદિરે બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન આયુષ્કામ યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ છે. પ્રધાનમંત્રી ૭૩ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે ત્યારે આ ધાર્મિક કાર્યક્રમ દરમિયાન ૭૩ દિવ્યાંગ બાળકો સ્વહસ્તે યજ્ઞકુંડમાં આહુતિ આપશે. આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટી વોર્ડ નં -૯ દ્વારા પણ સે- ૩ એ સ્થિત વગડાવાળી માતાજી મંદિર ખાતે સવારે ૮ :૩૦ થી સાંજે ૫ : ૧૫ સુધી મહારૂદ્ર યજ્ઞનુ આયોજન કરવામા આવ્યુ છે. જે અન્વયે સાંજે ૬ :૧૫ કલાકે ભોજન પ્રસાદનુ પણ આયોજન કરાયુ છે.ગાંધીનગરના મેયર હીતેશ મકવાણા , શહેર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટે સહીતના આગેવાનો હાજર રહેશે. ભાજપ મહાનગર દ્વારા પ્રધાનમંત્રીના જન્મદિવસને અનુલક્ષી તા ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓકટોબર દરમિયાન સેવા પખવાડિયા નિમિત્તે અનેકવિધ સેવાકીય તેમજ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે જેમાં બ્લડ ડોનેશન કેમ્પ , બાળકોને ફ્રુટ વિતરણ , યજ્ઞ , આરોગ્ય નિદાન કેમ્પ સહીતના સમાજ ઉપયોગી સેવા કાર્યો પણ હાથ ધરાશે. આ ઉપરાંત સમસ્ત ગુજરાત વણઝારા સમાજ દ્વારા પ્રમુખ ગોવિંદજી

● અનુસંધાન પાન-૬ પર

## જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યની બદલી

ગાંધીનગર, તા. ૧૬

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યની એક માત્ર બદલીનો હુકમ કર્યો છે. જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યનને રાજ્યના અધિક ચૂંટણી અધિકારી તરીકે તાત્કાલિક અસરથી નિમણુંક આપવામાં આવી છે. જિલ્લા કલેક્ટરનો વધારાનો હવાલો જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમને સોંપવામાં આવ્યો છે.

ડૉ. કુલદીપ આર્ય હાલ ગાંધીનગર મનપાના કમિશનરનો પણ ચાર્જ સંભાળતા હતા તે ચાર્જ કોને આપવામાં આવ્યો તેનો કોઈ ઉલ્લેખ આ હુકમમાં નથી.

ડૉ. આર્યએ જિલ્લામાં ટુંકાગાળામાં જ ભારે લોકપ્રિયતા હાંસલ કરી હતી. તેમણે પ્રાકૃતિક ખેતીમાં પણ ભારે રસ દાખવ્યો હતો એટલુ જ નહિ વહીવટીતંત્રમાં અનેક મહત્વના નિર્ણયો લીધા હતા. ડૉ. આર્યએ જિલ્લામાં સખી મંડળની રચના થકી સ્ત્રી સશક્તિકરણ માટે તેમજ આ સખી મંડળો આત્મનિર્ભર બને તે માટે મહત્વના પગલાં લીધા હતા. કુપોષણ અભિયાન તેમજ આરોગ્ય સેવાના સઘનીકરણની દિશામાં પણ તેમણે મહત્વના પગલાં ભર્યા હતા.

તેમના કાર્યકાળ દરમ્યાન જિલ્લા કલેક્ટર કચેરીમાં મહિલા કર્મચારીઓના બાળકો માટે આદર્શ ઘોડિયા ઘર નિવાસી અધિક કલેક્ટર સુશ્રી રીતુસિંગ સાથે મળી બનાવ્યુ હતુ. જે રાજ્યમાં પહેલુ જિલ્લા સેવાસદન બન્યુ છે.

## નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જહાનવી પટેલની બદલી કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જહાનવી પટેલની પણ આજે બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

સુશ્રી જહાનવી પટેલ પંચાયત અને વિકાસનો હવાલો ધરાવતા હતા. તેમની બદલી નાયબ જિલ્લા વિકાસ અધિકારી સાબરકાંઠા તરીકે કરવામાં આવી છે.

સુશ્રી જહાનવી પટેલે ૧૫મા નાણાંપંચની કામગીરી જિલ્લામાં વેગીલી બનાવી હતી આ ઉપરાંત પંચાયતની કામગીરીને પણ સઘન કરી પંચાયતીરાજના પદાધિકારીઓ અને પંચાયતીરાજના સંસ્થાનોના આર્થિક મજબુતીકરણ માટે મહત્વના પગલાં લીધા હતા.


પાંચમી વાર્ષિક પૂણ્યતિથિ
શ્રદ્ધાંજલિ



કૈલાસધામ વાસી : કલાવતી રમેશચંદ્ર ભટ્ટ (નિવૃત્ત શિક્ષક)
કૈલાસગમન : ૧૭-૦૯-૨૦૧૭, ભાદરવા વદ બારસ

જીવન જીવી જાણ્યું તમે, જીવન જીવવાની રીત તમો અમને શીખવી ગયા, પરિશ્રમના દિવસો વીતાવી પરિવારને સમૃધ્ધ બનાવી ગયા, તમારી કુટુંબ વાત્સલ્યતા, સ્નેહની લાગણી ધર્મ પ્રત્યેની શ્રધ્ધા, લોક-કલ્યાણના કાર્યો હર હંમેશ અમારી આસપાસ સુવાસ બનીને પ્રસરી રહેશે

લિ.
રમેશચંદ્ર મગનલાલ ભટ્ટ
પરેશ ભટ્ટ નીલેશ ભટ્ટ ફાલ્ગુન ભટ્ટ
મીનળ ભટ્ટ જયશ્રી ભટ્ટ દક્ષા ભટ્ટ
નિમિત્ત ● ભૂમિ ● અમિ ● બીરવા ● અભિ
ફર્મ – જીગ્મા કોમ્પ્યુટર – ૯૯૨૪૧૩૩૫૩૮
કલામીન, પ્લોટ નં ૨૫૨-૧, સેક્ટર નં ૫-એ, ગાંધીનગર-૩૮૨૦૦૬


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com